પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૪ | ૨૫ જાન્યુઆરી, ૨૦૧૮, ગુરુવાર ; મહા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પાકમાં ડ્રોન દ્વારા અમેરિકાનો હૂમલો

પાકિસ્તાનના ફેટા વિસ્તારમાં અમેરિકા દ્વારા ડ્રોનથી હૂમલો કરાયો હતો. જેમાં હક્કાની નેટવર્કના ૨ કમાન્ડર્સ માર્યા ગયા છે.

### યુપી દિવસે ૨૫ હજાર કરોડની યોજનાઓ જાહેર

ઉત્તરપ્રદેશ દિવસના અવસરે યોગી સરકારે ૨૫ હજાર કરોડની યોજનાઓની જાહેરાત કરી છે. લખનઉમાં યોજાયેલા સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ અને રાજયપાલ રામનાઈક ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વીટ્ઝરલેન્ડમાં ટ્રમ્પનો વિરોધ

સ્વીટઝરલેન્ડના દાવોસમાં યોજાઈ રહેલી વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં ભાગ લેવા પહોંચેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો એક હજારથી વધુ લોકોએ પ્લેકાર્ડ દર્શાવી વિરોધ કર્યો છે. પ્રદર્શન કરનારાઓએ 'ટ્રમ્પનું સ્વાગત નથી' તેવા નારા પણ લગાવ્યા હતા.

### હાફિઝ સઈદે ધરપકડ ટાળવા કોર્ટના શરણે

સંયુક્ત રાષ્ટ્રની ટીમના પાકિસ્તાન આગમન પહેલા મુંબઈ હૂમલાના માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદે કોર્ટનો સહારો લીધો છે. તેને ધરપકડનો ડર સતાવી રહ્યો હોવાથી લાહોર હાઈકોર્ટમાં આ મામલે એક અરજી પણ દાખલ કરી છે.

# પદ્માવત ફિલ્મ મામલે દેશભરમાં ભારે ઉચાટ

**હિંસાની દહેશત અને સઘન સુરક્ષા વચ્ચે આજે પદ્માવતને રજૂ કરાશે : દેશમાં રાજપૂત સમુદાય દ્વારા ફિલ્મ રજૂઆત સામે આજે બંધની હાકલ : ભારત બંધના એલાનમાં કેટલાક સંગઠનોની જોડાવવાની જાહેરાત : કેટલાક રાજ્યોના થિયેટર માલિકો ફિલ્મને ન દર્શાવવા તૈયાર : હિંસક પ્રદર્શનો જારી**




નવીદિલ્હી, તા. ૨૪

પદ્માવત ફિલ્મની રજૂઆતના એક દિવસ પહેલા દેશના જુદા જુદા ભાગોમાં હિંસક વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. દિલ્હી, મુંબઈ, ગુડગાંવ, બેંગ્લોર, જયપુર સહિત તમામ મોટા શહેરોમાં હિંસાનો દોર જારી રહ્યો હતો. રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગુજરાત સહિતના રાજ્યોમાં વિરોધ પ્રદર્શન વચ્ચે આવતીકાલે આ ફિલ્મ રજૂ કરવામાં આવી રહી છે. આજે જુદી જુદી જગ્યાઓએ નાકાબંધી કરવામાં આવી હતી. વાહનોને નુકસાન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ગઈકાલે મોડી રાત્રે વ્યાપક હિંસા થયા બાદ આ સંદર્ભમાં ૫૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ ગુજરાતભરમાં થિયેટર માલિકો કહી ચુક્યા છે કે, જ્યાં સુધી આ મામલાને ઉકેલવામાં આવશે નહીં ત્યાં સુધી ફિલ્મ રજૂ કરવામાં આવશે નહીં. બીજી બાજુ હિંસક વિરોધ પ્રદર્શન કરી રહેલા કરણી સેનાના ૩૫થી વધુ લોકોની અટકાયત કરાઈ હતી. આત્મવિલોપન કરવાની ૧૯૦૦થી વધુ મહિલાઓએ તૈયારી બતાવી છે તેવી જાહેરાત કર્યા બાદ કરણી સેનાના ચિત્તોડગઢ એકમના વડાની અટકાયત કરવામાં આવી હતી. ગુડગાંવ, દિલ્હી, મેરઠ, જયપુરમાં વ્યાપક વિરોધ પ્રદર્શન જારી છે. ગુડગાંવમાં દેખાવકારોએ એક બસને આગ ચાંપી હતી. પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. મોલ ઉપર વ્યાપક તોડફોડ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

### કાલવીએ ધરપકડની આશંકા વ્યક્ત કરી

કાલવીએ સમગ્ર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એકવાર પણ એવું નથી કહ્યું કે, હિંસા કરવી ખોટી વાત છે અને તેવુ ન થવુ જોઈએ. કાલવીએ પ્રેસકોન્ફરન્સમાં તેની ધરપકડની આશંકા પણ વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, કદાચ આ ધરપકડ પહેલાં મારી છેલ્લી પ્રેસ કોન્ફરન્સ છે. તેમણે કહ્યું કે, ૨૫ જાન્યુઆરીએ અમે જનતા પાસે કર્ફ્યૂની માગણી કરી છે અને લોકોને સહયોગ કરવા કહ્યું છે. ગુજરાત અને રાજસ્થાનમાં ડિસ્ટ્રિબ્યૂટર પણ અમારી સાથે વત કરી ચૂક્યા છે અને ફિલ્મનું સ્ક્રિનિંગ ન કરવાની વાત કરી ચૂક્યા છે.

# ઘાસચારા કૌભાંડના ત્રીજા કેસમાં લાલૂને ૫ વર્ષની સજા

રાંચી,તા. ૨૪

આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવને આજે લાલૂને સજા કરવામાં આવી છે. સ્પેશિયલ સીબીઆઈ જજ એસએસ પ્રસાદે અગાઉ લાલૂ અને અન્ય ૫૦ અપરાધીઓને આ તેમને પાંચ વર્ષની જેલની સજા કરવામાં આવી છે. લાલૂ અને મિશ્રા બંનેને રાંચીની કોર્ટે પાંચ-પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આરોપીઓમાં પૂર્વ બિહારના પ્રધાન વિદ્યાસાગર મિસાદ, વિધાનસભાના પૂર્વ પીએસી વડા જગદીશ શર્મા, પૂર્વ ધારાસભ્ય ધ્રુવ

**અન્ય ૫૦ અપરાધીઓને પણ આકરી સજા : ખાસ સીબીઆઈ કોર્ટે ચાઈબાસા તિજોરીમાંથી ૩૩.૬૭ કરોડની ઉચાપતના કેસમાં સજા ફટકારી : લાલૂ અને જગન્નાથ મિશ્રાને પાંચ-પાંચ લાખનો દંડ**

સનસનાટીપૂર્ણ ઘાસચારા કોંભાડ સાથે જોડાયેલા અન્ય એક કેસ ચાઈબાસા તિજોરીમાંથી ઉચાપતના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને લાલૂને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ઘાસચારા કૌભાંડના ત્રીજા કેસમાં કેસમાં દોષિત ઠેરવ્યા હતા. વર્ષ ૧૯૯૨-૧૯૯૩માં ચાઈબાસા તિજોરીમાં ૩૩.૬૭ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત આ કેસ છે. લાલૂની સાથે પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને પણ જેલની સજા કરવામાં આવી હતી. એવો આક્ષેપ છે કે, બનાવટી ફાળવણી પત્રોનો ઉપયોગ કરીને ૩૩.૬૭ કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા. ૭.૧૦ લાખ રૂપિયાની મંજુર કરવામાં આવેલી રકમના બદલે આ રકમ ઉપાડવામાં આવી હતી. તમામ ૫૬ ભગત, આરકે રાણા અને ત્રણ પૂર્વ આઈએએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. બે સરકારી કર્મચારીઓ અને ચારામાં ચાર સપ્લાયર્સને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



### ભાજપ-શિવસેનાનું ગઠબંધન યથાવત્ : ફડણવીસ

મુંબઈ,તા.૨૪

લોકસભાની અને વિધાનસભાની આગામી ચૂંટણી સાથે નહીં લડવાની જાહેરાત શિવસેનાએ કર્યા બાદ હાલમાં રાજ્ય સરકાર પર સંકટ સર્જાશે તેમ જણાતું હતું, પરંતુ આવી કોઈ શક્યતાને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નકારી હતી અને જણાવ્યું હતું કે સરકારનું સેના સાથેનું ગઠબંધન યથાવત છે અને અમારી સરકાર સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂરાં કરશે. શિવસેના ઘણી વાર ઘણી વાતો કહી ચૂકી છે, હું આ મામલે ટિપ્પણી કરવા માગતો નથી.

# ભારત બંધમાં ગુજરાત નહિ જોડાય : કરણી સેના

**કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતની સાફ વાત : રાજયભરમાં શાળા અને કોલેજો, બજારો તેમજ સરકારી-અર્ધસરકારી કચેરીઓ અને ખાનગી એકમો ચાલુ રહેશે**



અમદાવાદ,તા. ૨૪

પદ્માવત ફિલ્મના વિરોધમાં કરણી સેના અને રાજપૂત સમાજ દ્વારા આવતીકાલે ભારત બંધનું એલાન અપાયું છે, ત્યારે આજે ગુજરાતની કરણી સેનાના પ્રતિનિધિઓ, રાજપૂત સમાજના આગેવાનો, મલ્ટિપ્લેક્સ થિયેટરના આગેવાનો સહિતના લોકો સાથે આજે રાજય સરકારના ગૃહપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને અન્ય સરકારી સચિવો સાથે મહત્વની બેઠક યોજાઈ હતી, ત્યારબાદ કરણી સેનાના ગુજરાતના પ્રમુખ રાજ શેખાવતે જાહેરાત કરી હતી કે, આવતીકાલના ગુજરાતના બંધના એલાનમાં કરણી સેના કે રાજપૂત સમાજ નહી જોડાય. એટલે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ કર્યું હતું કે, આવતીકાલે ગુજરાતમાં બંધનું એલાન નહી રહે. રાજયભરમાં શાળા-કોલેજો, બજારો, સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ, ખાનગી એકમો સહિતનું જનજીવન રાબેતામુજબ ચાલુ રહેશે. ગઈકાલે શહેરના હિમાલયા મોલ અને એસજી હાઈવે પરના મલ્ટિપ્લેક્સ ખાતેના વાહનોને આગચંપી અને

● અનુસંધાન પાન-૭ પર

### સરકાર લોકોની લાગણી સાથે છે : ભૂપેન્દ્રસિંહ

અમદાવાદ,તા. ૨૪

પદ્માવત ફિલ્મની રજૂઆતને લઈને વિરોધ વચ્ચે રાજયના કેબીનેટ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, પદ્માવત ફિલ્મને લઈ રાજય સરકાર લોકોની લાગણીની સાથે છે. ઈતિહાસ સાથે છેડછાડ કરી તેને વિકૃતતારૂપે રજૂ કરવાનું કોઈ સમાજ સાંખી ના લે. અગાઉ પણ સરકારે પદ્માવત ફિલ્મ ગુજરાતમાં રિલીઝ નહી કરવા બાબતે બે વખત જાહેરનામું જારી કર્યું હતું પરંતુ બાદમાં સુપ્રીમકોર્ટે ફિલ્મના રિલીઝની લીલીઝંડી આપી હતી. જો કે, તેમછતાં ગુજરાતના જુદા જુદા થિયેટરમાલિકોએ સ્વેચ્છાએ આ પદ્માવત ફિલ્મ નહી દર્શાવવાની ઈચ્છા વ્યકત કરી છે અને તેથી હવે ફિલ્મની રિલીઝને લઈ કોઈ પ્રશ્ન જ રહેતો નથી. તેથી ગુજરાતમાં બંધના એલાનનો મુદ્દો રહેતો નથી. આજની બેઠકમાં તમામ સ્વૈચ્છિક સંગઠનો, સંસ્થાઓના આગેવાનો, પ્રતિનિધિઓએ આવતીકાલના બંધના એલાનમાં ગુજરાત નહી જોડાય તેવી ખાતરી આપી છે અને તેથી હવે ગુજરાત રાજયમાં આવતીકાલે બંધનુ એલાન નહી રહે.

# સિમલા-મનાલી-દહેરાદુનમાં બરફવર્ષા

સિમલા,તા.૨૪

હિમાચલમાં દોઢ મહિના પછી વરસાદ થયો અને શિમલામાં સિરમૌરમાં સિઝનની પહેલી બરફ વર્ષા થઈ છે. બીજી બાજુ ઉત્તરાખંડના દેહરાદુનમાં ગઢવાલ વિસ્તારના ઘનૌલ્ટીમાં પણ સ્નોફોલ થયો છે. હવામાનમાં આવેલા આ ફેરફારથી ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ ઠંડી વધવાની શક્યતા છે.

તો બીજી તરફ, મેદાની વિસ્તારોમાં વરસાદ અને સ્મોગને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. રાજધાની દિલ્હીમાં હળવા વરસાદ અને સ્મોગને કારણે વાતાવરણ એકદમ ઠંડુ બન્યું છે. મોસમ વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, શહેરનુ ન્યૂનતમ તાપમાન ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. મોટાભાગનું તાપમાન ૧૭ ડિગ્રી રહ્યું.

હિમાચલની રાજધાની સિમલા અને આસપાસના વિસ્તારો સિરમૌર, સોલન અને લાહૌલ તથા સ્પીતિમા બરફવર્ષા થઈ છે. કાશ્મીરના કારગિલમાં તાપમાન શૂન્યથી ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ નીચે રહ્યું. સિમલામાં ડિસેમ્બરથી અત્યાર સુધી બરફવર્ષા થઈ ન હતી, જેનાથી આશંકા હતી કે, જાન્યુઆરીનો આખો મહિનો સૂખામાં જ જાય. મંગળવારે સિમલામાં ૫થી ૬ સેન્ટીમીટર બરફવર્ષા થઈ હતી.

Admissions Open







The world's a stage, and a competitive one at that. And we know you do not want your child to lose out on any opportunity to excel. Visit Little Angels' School today, and see how we transform and help each kid become an all-rounder – not just a book-reading geek or an enthusiastic sportsman or a lover of art. What's more, we let them live life to the fullest – involve them in adventure activities like flying in a single-engine aircraft, set the stage on fire with their talent and bond with classmates on weekly trips across the city. So, what are you waiting for?

Enroll today !

Admissions open for Play Group, Junior and Senior KG, Class 1 to 8.

Monday to Friday | Time: 9am to 2pm

Little Angels' School

Address: 682/2, Govt quarters, Sector-8, Gandhinagar

### મુંબઈમાં ઔવેસી પર ચપ્પલ ફેંકાયું

મુંબઈ,તા.૨૪

દક્ષિણ મુંબઈના નાગપાડા વિસ્તારમાં એક રેલીને સંબોધન દરમિયાન એ. આઈ. એમ. આઈ. એમ.ના પ્રમુખ અસુદીન ઔવેસી પર મંગળવારે રાત્રે એક વ્યક્તિએ ચપ્પલ ફેંક્યા છે. પોલીસે જણાવ્યું કે, આ ઘટનામાં સાંસદને ચપ્પલ લાગ્યા નથી. આરોપીની ઓળખ કરી લેવાઈ છે અને તેની જલ્દી જ ધરપકડ કરી લેવામાં આવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય